પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૯૫ | ૬ જાન્યુઆરી, ૨૦૨૨, ગુરૂવાર; પોષ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# રાષ્ટ્રીય ચિંતા

# વડાપ્રધાન મોદીની સુરક્ષામાં ક્ષતિને પગલે ફિરોઝપુરની રેલી રદ કરાઈ

## હુસૈનીવાલામાં રાષ્ટ્રીય શહીદ સ્મારકથી ૩૦ કિમી દૂર કેટલાક વિરોધીઓએ રસ્તો રોકતા મોદી ૧૫-૨૦ મિનિટ સુધી ફ્લાયઓવર ઉપર અટવાયા

નવી દિલ્હી/ચંદીગઢ, તા.૫

પંજાબના ફિરોઝપુર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રેલી રદ કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, ગૃહ મંત્રાલયે એક નિવેદન જારી કરીને કહ્યું છે કે પીએમની સુરક્ષામાં ક્ષતિના કારણે ફિરોઝપુરમાં રેલી રદ કરવામાં આવી છે. નવા કૃષિ કાયદાને રદ કર્યા બાદ પીએમ નરેન્દ્ર મોદી પહેલીવાર પંજાબની મુલાકાતે જવાના હતા અને ફિરોઝપુર જવા માટે પણ રવાના થયા હતા, પરંતુ સુરક્ષાના કારણોસર રેલી રદ કરવી






પડી હતી.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે એક નિવેદન જારી કરીને કહ્યું કે આજે સવારે પીએમ નરેન્દ્ર મોદી ભટિંડા પહોંચ્યા, જ્યાંથી તેઓ હેલિકોપ્ટર દ્વારા હુસૈનીવાલા સ્થિત રાષ્ટ્રીય શહીદ સ્મારક જવાના હતા. વરસાદ અને નબળી વિઝિબિલિટીના કારણે, પીએમ હવામાન ચોખ્ખું થવા માટે લગભગ ૨૦ મિનિટ રાહ જોતા હતા. જ્યારે હવામાનમાં સુધારો ન થયો તો નક્કી કરવામાં આવ્યું

● અનુસંધાન પાન-૭ પર

## તમારા મુખ્યમંત્રીનો આભાર કે હું જીવતો પરત ફર્યો : મોદી

ચંદીગઢ, તા.૫

પંજાબમાં પીએમ નરેન્દ્ર મોદીની સુરક્ષામાં મોટી ચૂક સામે આવી છે. ભટિંડા એરપોર્ટથી રોડ માર્ગે ફિરોઝપુર જતી વખતે રસ્તામાં ખેડૂતોનું પ્રદર્શન ચાલી રહ્યું હતું. જેના કારણે પીએમ મોદીનો કાફલો ૧૫-૨૦ મિનિટ સુધી ફલાય ઓવર પર ફસાઈ રહ્યો હતો. ન્યૂઝ એજન્સી મુજબ, પીએમ મોદીએ ભટિંડા એરપોર્ટ પર પરત આવીને ત્યાંના અધિકારીઓને કહ્યું કે, તમારા મુખ્યમંત્રીનો આભાર માનજો કે હું ભટિંડા એરપોર્ટ સુધી જીવતો પરત ફરી શક્યો.

**ગૃહ મંત્રાલયે સુરક્ષામાં ચૂક પર પંજાબ સરકારને આ ગંભીર ચૂક માટે જવાબદાર કોણ એ નક્કી કરવા કહ્યું**

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આ ઘટનાને પીએમ મોદીની સુરક્ષામાં ગંભીર ચૂક ગણાવી હતી. ગૃહ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે, પીએમ મોદીની પંજાબ યાત્રા દરમિયાન ગંભીર સુરક્ષા ચૂકના કારણે તેમના કાફલાએ પરત ફરવાનો નિર્ણય લીધો હતો. નિવેદનમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે, ગૃહ મંત્રાલયે પંજાબ સરકારને આ ગંભીર ચૂક માટે જવાબદાર

● અનુસંધાન પાન-૭ પર

## સુરક્ષામાં ચૂક બદલ ફિરોઝપુરના SSP સસ્પેન્ડ

ચંદીગઢ, તા.૫

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ફિરોઝપુર યાત્રા દરમિયાન તેમના સુરક્ષામાં મોટી ચૂક જોવા મળી, જેના કારણે ફિરોઝપુરના એસએસપીને સસ્પેન્ડ કરી દેવાયા છે. આ મામલે પહેલી કાર્યવાહી છે. ફિરોઝપુરમાં બુધવારે પીએમ મોદીની રેલી થવાની હતી. જોરે આને રદ કરવી પડી. પીએમ રેલી સ્થળ સુધી પહોંચી શકી નહીં.

હવામાન ખરાબ હોવાના કારણે પીએમનો કાફલો ભટિંડા એરપોર્ટથી હેલિકોપ્ટરના કારણે રોડ માર્ગથી નીકળ્યા હતા. પીએમ મોદીએ સૌથી પહેલા હુસૈનીવાલામાં રાષ્ટ્રીય શહીદ સ્મારક પહોંચવાનુ હતુ. જોકે આના લગભગ ૩૦ મિનિટ પહેલા એક ફલાયઓવર પર વડાપ્રધાનનો કાફલો ફસાઈ ગયો. કેટલાક પ્રદર્શનકારીઓએ રોડને જામ કરીને રાખ્યો હતો.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડાએ પંજાબના મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્ની પર ગંભીર આરોપ લગાવ્યા છે. જે પી નડ્ડાએ ટ્વીટ કરી કહ્યુ, આ દુખદ છે કે પંજાબ માટે હજારો કરોડની વિકાસ પરિયોજનાઓને શરૂ કરવા માટે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી જીનો પ્રવાસ બાધિત થઈ ગયુ. પરંતુ અમે આવી ખરાબ

● અનુસંધાન પાન-૭ પર

# નવી ગાઈડલાઈન : જો ત્રણ દિવસ તાવ ન આવે તો આઈસોલેશનમાંથી મુક્તિ

**કેન્દ્રની નવી ગાઈડલાઈન : હોમ આઈસોલેશનનો સમય સમાપ્ત થયા બાદ ફરી ટેસ્ટ કરાવવાની જરુર નથી, ગાઈડલાઈનના અમલ માટે રાજ્યોને કંટ્રોલ રુમો કાર્યરત રાખવા સૂચના**

નવી દિલ્હી, તા.૫

કોરોનાની સંભિવત ત્રીજી લહેરને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર જે ગાઈડ લાઈન બહાર પાડવા જઈ રહી છે તેમાં ઘણા બદલાવો કરશે તેવુ કહેવાઈ રહ્યુ છે. સૌથી મોટો ફેરફાર હોમઆઈસોલેશનના નિયમને લગતો છે.જેમાં કહેવાયુ છે કે, કોરોનાના સાવ હળવા લક્ષણ ધરાવતા દર્દીઓને પોઝિટિવ આવ્યાના સાત દિવસ બાદ અને સતત ત્રણ દિવ સુધી તાવ નહીં આવે તો હોમ આઈસોલેશનમાંથી મુક્તિ આપવામાં આવશે અને આઈસોલેશન ખતમ થઈ જશે.

સાથે સાથે સ્વાસ્થય મંત્રાલયે કહયુ છે કે, હોમ આઈસોલેશનનો સમય સમાપ્ત થયા બાદ ફરી ટેસ્ટ કરાવવાની જરુર નથી. બીજી તરફ દેશમાં કોરોનાના કેસમાં ૯ દિવસમાં છ ગણો વધારો જોવા મળ્યો છે અને આ સંજોગોમાં હોમ આઈસોલેટ થનારા દર્દીઓની સંખ્યા પણ વધી રહી છે.એટલે હોમ આઈસોલેશન માટે નવી ગાઈડ લાઈન જાહેર કરવામાંઆવી છે.

હોમઆઈસોલેશનની ગાઈડલાઈનનો યોગ્ય રીતે અમલ થઈ શકે તે માટે રાજ્યોને કંટ્રોલ રુમો યોગ્ય રીતે કાર્યરત રાખવા કહેવામાં આવ્યુ છે.કંટ્રોલ રુમનુ કામ હોમઆઈસોલેશનના દર્દીઓ પર નજર રાખવાનુ હશે.જેથી જરુર પડે તો દર્દીની તબિયત બગડે તો તેને હોસ્પિટલમાં દાખલ કરાવી શકાય. જે ઘરડા દર્દીઓ છે તેમને ડોકટરની સલાહ પ્રમાણે હોમ આઈસોલેશનમાં રહેવા માટે પરવાનગી અપાશે.હળવા લક્ષણ ધરાવતા દર્દીઓ ઘરે આઈસોલેટ થઈ શકશે.દર્દીઓને ટ્રિપલ લેયર માસ્ક પહેરવાની અને વધારેમાં વધારે લિકવિડ લેહાની પણ સલાહ આપવામાં આવી છે.

જેમને લક્ષણ નથી અને ઓક્સિજન લેવલ ૯૩ ટકા કરતા વધારે છે તેમને હોમ આઈસોલેશનમાં રહેવા માટે પરવાનગી આપી શકાશે.આવા દર્દીઓ સાથે જિલ્લા સ્તર પર કાર્યરત કંટ્રોલ રુમ થકી સંપર્ક રખાશે.

હોમઆઈસોલેશનમાં દર્દીને જાતે સ્ટેરોઈડ લેવાની મનાઈ ફરમાવાઈ છે.આ સિવાય સિટી સ્કેન અને ચેસ્ટ એક્સરે ડોકટરની સલાહ વગર નહીં કરી શકાય.

## દેશમાં કોરોનાના નવા ૫૮૦૯૭ કેસ

**ભારતમાં કોરોનાના કેસ વળી પાછા રેકોર્ડ તોડવા લાગ્યા : ઓમિક્રોનના કહેરને રોકવા માટે દેશમાં રસીકરણ અભિયાન પણ ઝડપથી ચાલી રહ્યું છે, અત્યાર સુધીમાં કોરોના રસીના ૧૪૭.૭૨ કરોડ ડોઝ અપાયા**

નવી દિલ્હી,તા.૫

ભારતમાં કોરોનાના કેસ વળી પાછા રેકોર્ડ તોડવા લાગ્યા છે. દેશમાં આજે કોરોનાના નવા ૫૦ હજારથી વધુ કેસ નોંધાયા છે. મહારાષ્ટ્ર, દિલ્હી, બંગાળ, કર્ણાટક, તમિલનાડુમાં કોવિડ કેસોની સંખ્યામાં વધારાના કારણે આ ઉછાળો નોંધાયો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૫૮,૦૯૭ કેસ નોંધાયા છે. હાલ દેશમાં ૨,૧૪,૦૦૪ કોરોના દર્દીઓ સારવાર હેઠળ છે. જો કે એક દિવસમાં ૧૫,૩૮૯ દર્દીઓ રિકવર પણ થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી ૫૩૪ દર્દીઓના મોત થયા છે. કોરોનાથી અત્યાર સુધીમાં દેશમાં કુલ ૪,૮૨,૫૫૧ મૃત્યુ થયા છે. જ્યારે ૩,૪૩,૨૧,૮૦૩ દર્દીઓએ સાજા થવામાં સફળતા મેળવી છે. હાલ દેશમાં કોરોનાથી રિકવરી રેટ ૪.૧૮% છે. દેશમાં મહારાષ્ટ્ર, દિલ્હી, પશ્ચિમ બંગાળ, કર્ણાટક, ગુજરાત, તમિલનાડુ, રાજસ્થાન, આંધ્ર પ્રદેશ, ઓડિશા, હિમાચલ પ્રદેશ, કેરળ, ગોવા, પંજાબ અને તેલંગણાના કેસ મળીને જ કોવિડના ૫૦ હજાર કરતા ઉપર નવા કેસ થઈ ગયા. કોરોનાનો નવો વેરિએન્ટ ઓમિક્રોન હાલ ચિંતાનો વિષય બનેલો છે. ઓમિક્રોનના કહેરને રોકવા માટે દેશમાં રસીકરણ અભિયાન પણ ઝડપથી ચાલી રહ્યું છે.

## પુલવામામાં જૈશના ત્રણ આતંકી ઠાર

**બાતમીના આધારે કરેલી કાર્યવાહીમાં માર્યા ગયેલા આતંકીઓમાંથી એક પાકિસ્તાની નાગરિકનો સમાવેશ**

શ્રીનગર, તા.૫

જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ વિરુદ્ધ સુરક્ષાદળોનું અભિયાન તેજ થયું છે અને સુરક્ષાદળોને પુલવામામાં મોટી સફળતા મળી છે. સેનાના જવાનોએ પુલવામા જિલ્લાના ચાંદગામ વિસ્તારમાં જૈશ એ મોહમ્મદના ૩ આતંકીઓને ઠાર કર્યા છે. વહેલી સવારે દક્ષિણ કાશ્મીરના પુલવામામાં આતંકવાદીઓ સાથે સુરક્ષાદળોની અથડામણ શરૂ થઈ. જેમાં ૩ આતંકીઓ માર્યા ગયા. આ તમામ જૈશ એ મોહમ્મદના આતંકી છે. માર્યા ગયેલા આતંકીઓમાંથી એક પાકિસ્તાની નાગરિક છે. કાશ્મીરના આઈજી વિજયકુમારે જણાવ્યું કે પુલવામાના ચાંદગામમાં અથડામણ દરમિયાન જૈશ એ મોહમ્મદના આતંકીઓને ઠાર કર્યા છે. જેમાંથી એક પાકિસ્તાની નાગરિક હતો.

સુરક્ષાદળોને ગુપ્ત બાતમી મળી હતી કે પુલવામાના ચાંદગામ વિસ્તારમાં આતંકવાદી છૂપાયેલા છે. ત્યારબાદ અડધી રાતે ઓપરેશન શરૂ કરાયું. સુરક્ષાદળોએ આતંકીઓના શંકાસ્પદ ઠેકાણાને ઘેરી લીધુ અને તેમને બહાર આવવા જણાવ્યું. પરંતુ આતંકીઓએ ફાયરિંગ શરૂ કર્યું. ત્યારબાદ સુરક્ષાદળોએ કેપઃ પણ જવાબી ફાયરિંગ કર્યું અને આતંકીઓને ઠાર કર્યા.

પુલવામા જિલ્લાના ચાંદગામ વિસ્તારમાં સેનાનું ઓપરેશન ચાલુ છે અને જવાનો સર્ચ અભિયાન ચલાવી રહ્યા છે.

## કોલકાતાની મેડિકલ કોલેજના ૧૯૮ ડોક્ટર્સ કોરોના પોઝીટીવ

કોલકાતા, તા.૫

કોરોનાએ પશ્ચિમ બંગાળમાં ભારે ઉત્પાત મચાવીને હવે ડોકટરો તેમજ સ્વાસ્થ્ય કર્મીઓને પણ સકંજામાં લેવા માંડ્યા છે.

કોલકાતાની એનઆરએસ મેડિકલ કોલેજમાં પ્રિન્સિપાલ સહિત ૧૯૮ ડોકટરો કોરોનાથી સંક્રમિત થતા ખળભળાટ વ્યાપી ગયો છે.સરકારી મેડિકલ કોલેજના આટલા ડોકટરો કોરોના પોઝિટિવ થતા હવે દર્દીઓની સારવાર કેવી રીતે થશે તેના પર પણ સવાલ ઉભો થયો છે. એવુ જાણવા મળ્યુ છે કે, હોસ્પિટલની આઉડોટર સેવાઓમાં કાપ મુકવાનુ વિચારવામાં આવી રહ્યુ છે.ઈમરજન્સી સેવાઓને ચાલુ રાખવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

પ્રોટોકોલ પ્રમાણે તો આઈસોલેશન ૧૪ દિવસનુ હોય છે.જેના પગલે હોસ્પિટલની સેવાઓ પર અસર પડે તે સ્ભાવિક છે.બીજી હોસ્પિટલોમાં પણ કોરોનાના દર્દીઓ વધી રહ્યા છે ત્યારે ત્યાંના ડોકટરોને પણ એનઆરએસ મેડિકલ કોલેજમાં લાવવા શક્ય નથી.

## યુપીમાં ચૂંટણી પ્રચાર ઉપર કોંગ્રેસની બે સપ્તાહ માટે રોક

**યુપીમાં કોંગ્રેસ બે સપ્તાહ સુધી જાહેર સભાઓ કે પ્રચાર નહીં કરે અને એ પછી આગળની સ્થિતિ જોઈને નિર્ણય લેવાશે**

લખનૌ, તા.૫

કોરોનાના વધતા જતા કેસોને લઈને કોંગ્રેસે હવે યુપી વિધાનસભા માટેના પોતાના ચૂંટણી પ્રચાર પર બે સપ્તાહ સુધી રોક લગાવી દીધી છે. કોંગ્રેસે જાહેર કર્યુ છે કે, બે સપ્તાહ સુધી અમારી પાર્ટી કોઈ જાહેર સભા અને બીજા કોઈ કાર્યક્રમનુ આયોજન નહીં કરે.

કોંગ્રેસના મહાસચિવ કે સી વેણુગોપાલે કહ્યુ હતુ કે, કોંગ્રેસ પાર્ટી કોરોનાના વધી રહેલા કેસના કારણે ચિંતામાં છે.યુપીમાં અમે બે સપ્તાહ સુધી જાહેર સભાઓ કે પ્રચાર નહીં કરે અને એ પછી આગળની સ્થિતિ જોઈને નિર્ણય લેવાશે.કોંગ્રેસની જેમ બીજા પાર્ટીઓએ પણ વિચાર કરવો જોઈએ.અન્ય રાજ્યોમાં જે સ્થિતિ છે તે પ્રમાણે નિર્ણય લેવામાં આવશે.

તેમણે કહ્યુ હતુ કે, દેશમાં આજે જે સ્થિતિ સર્જાઈ રહી છે તે માટે કેન્દ્ર સરકાર જવાબદાર છે.દેશમાં વેક્સીનની અછત છે અને બાળકોનુ વેક્સીનેશન તો શરુ જ થયુ નથી. કોંગ્રેસ દ્વારા યુપીમાં યોજનારી મેરેથોન પણ રદ કરવાની જાહેરાત કરવામાં આવી છે.કોંગ્રેસ હવે યુપીમાં ડિજિટલ અને સોશિયલ મીડિયા પર પ્રચાર માટે વધારે ભાર મુકશે.






## બિહારના બે ડેપ્યુટી સીએમ, બે મંત્રીઓ કોરોનાની ઝપેટમાં

પટના, તા.૫

બિહારમાં કોરોનાની ત્રીજી લહેરના સપાટામાં મુખ્યમંત્રી નિતિશ કુમારની કેબિનેટ જ આવી ગઈ છે.

બિહારના બંને ડેપ્યુટી ચીફ મિનિસ્ટર પોઝિટિવ થયા છે અને બીજા બે મંત્રીઓનો કોરોના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે.

આજે ૫ જાન્યુઆરીએ મળનારી કેબિનેટની બેઠક પહેલા તમામ મંત્રીઓનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો.જેના પરિણામ સામે આવ્યા બાદ હડકંપ મચી ગયો છે.ડેપ્યુટી ચીફ મિનિસ્ટર તારકિશોર પ્રસાદે પોતે જ ટ્વિટ કરીને જાણકારી આપી હતી.

બિહાર સરકારની કેબિનેટની બેઠક પણ હવે ઓનલાઈન યોજવામાં આવશે.આગળનો આદેશ ના આવે ત્યાં સુધી તમામ બેઠકો વિડિયો કોન્ફરન્સિંગથી થશે.

બીજી તરફ નિતિશ કુમારના નિવાસ સ્થાન પર કામ કરતા ૨૨ ટકા કર્મચારીઓ પણ કોરોનાના સપાટામાં આવી ગયા છે.

બિહારમાં કોરોનાના વધી રહેલા કેસોના કારણે મંગળવારથી જ પ્રતિબંધો વધારવામાં આવ્યા છે.સિનેમા હોલ ખોલવા પર પ્રતિબંધ મુકાયો છે.ભાવિકોને મંદિર જવા પર પણ બેન મુકવામાં આવ્યો છે.




**બેસણું**

મારા ધર્મપત્ની શ્રીમતી **બિમલાદેવી મુરલીધર મીના** તા.૪-૦૧-૨૦૨૨ને મંગળવારના રોજ દેવલોક પામ્યાં છે. **સદ્દગતનું બેસણું તા.૬-૦૧-૨૦૨૨ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬:૩૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : કડવા પાટીદાર સમાજ હોલ (પટેલ વાડી, ઉમિયા માતાજી મંદિરની પાસે, કલેક્ટર ઓફીસની સામે, સેક્ટર-૧૨/બી, ગાંધીનગર**

**મુરલીધર મીના (પતિ)**

**કુસુમ સિંગ (પુત્રી)** — **રીતુરાજ મુરલીધર મીના (પુત્ર)**

**સુમન મીના (પુત્રી)** — **નીરવ મુરલીધર મીના (પુત્ર)**

**રહે.પ્લોટ નં.૧૬, સ્વામીનારાયણ મંદિરની પાસે, સેક્ટર-૨/એ, ગાંધીનગર**